કેન્દ્ર સરકારને ગબડવા નહીં દેવાય : મુલાયમ

લખનૌ,તા. ૨૯

સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે કોંગ્રેસને ભલે છેતરપીંડી કરનાર પાર્ટી તરીકે ગણાવી છે. પરંતુ પીઢ રાજકારણીએ સરકારને ગબડાવી દેવાની હાલમાં કોઈ યોજના હોવાનો ઈન્કાર કર્યો છે. કોંગ્રેસ પર આક્ષેપ કરતાં મુલાયમસિંહે કહ્યું હતું કે, સીબીઆઈ

અને આઈટી વિભાગ પર અંકુશ મુકીને કોંગ્રેસ સરકાર ચલાવી રહી છે. એક અગ્રણી અંગ્રેજી ચેનલ સાથેની વાતચીતમાં સમાજવાદી પાર્ટીના વડાએ કહ્યું છે કે, તેમની પાર્ટી કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને બહારથી ટેકો યથાવત રીતે જારી રાખશે. સરકારને ટેકો પાછો ખેંચવાનો કોઈ પ્રશ્ન નથી. મુલાયમે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ સાથે મતભેદો હોવા છતાં તમામ પ્રકારની મદદ કરવામાં આવશે. મુલાયમસિંહની આ પ્રતિક્રિયાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવ છે. કારણકે, મુલાયમસિંહે હાલમાં જ કોંગ્રેસને વિશ્વાસઘાતી પાર્ટી તરીકે ગણાવી હતી. ત્યારબાદથી એવું લાગી રહ્યું હતું કે, ડીએમકે બાદ સમાજવાદી પાર્ટી પણ યુપીએ સરકાર સાથે છેડો ફાડી લેશે. પરંતુ મુલાયમસિંહે આજે કોંગ્રેસને મોટી રાહત આપી દીધી હતી. વડાપ્રધાન મનમોહનસિંહ ડરબનથી પરત ફરતી વેળા કહી ચુક્યા છે કે, યુપીએ સરકાર ગઠબંધન ખતરાનો સામનો કરી રહી છે. સાથી પક્ષોને લઈને ઘણી તકલીફ છે. સિંહે એમ પણ કહ્યું હતું કે, મુલાયમસિંહની પાર્ટી ટેકો પાછો પણ ખેંચી શકે છે. દરમિયાન સપાના વડાએ આક્ષેપ કર્યો છે કે, કોંગ્રેસ પાર્ટી તમામને સાથે લઈને ચાલી રહી નથી. સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે દાવો કર્યો છે કે લોકસભાની ચૂંટણી નવેમ્બરમાં આવી જશે. કોંગ્રેસ સાથે સંબંધો સમાજવાદી પાર્ટીના દિનપ્રતિદિન ખરાબ થઈ રહ્યા છે. મુલાયમે કહ્યું છે કે લોકસભાની ચૂંટણી નવેમ્બર મહિનામાં યોજાશે. લખનૌમાં પક્ષના કાર્યકરોને સંબોધતાં યાદવે કહ્યું હતું કે અતિ વિશ્વાસુ અહેવાલના સંબંધમાં તેમની પાસે માહિતી મળી રહી છે જેનાથી એવું લાગી રહ્યું છે કે ચૂંટણી નવેમ્બરમાં આવી પડશે. પોતાના કાર્યકરોને તેની તૈયારીમાં લાગી જવા અપીલ કરી છે. વડાપ્રધાન મનમોહનસિંહે અગાઉ આજે સવારે કહ્યું હતું કે વહેલી તકે ચૂંટણી આવવાની કોઈ શક્યતા નથી.

હવે મધ્યસત્ર ચૂંટણી દેશમાં આવી પડશે : ભાજપ

નવી દિલ્હી, તા.૨૯

યુપીએ સરકાર પાંચ વર્ષની અવધી પૂરિપૂર્ણ કરશે તેવો વિશ્વાસ વડાપ્રધાન મનમોહનસિંહે વ્યક્ત કર્યા બાદ વિરોધ પક્ષ ભાજપે આજે આગાહી કરી હતી કે મધ્યસત્ર ચૂંટણી યોજાશે. યુપીએ સરકારને અસ્થિર સરકાર તરીકે ગણાવીને ભાજપના પ્રવક્તા બલબીર પૂંજે કહ્યું હતું કે આ સરકાર સપ્તાહમાં રહેવા માટેનો અધિકાર ગુમાવી ચૂકી છે. લોકસભામાં સંખ્યા શંકાસ્પદ છે. મધ્યસત્રની ચૂંટણીની શક્યતા પ્રબળ બની છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દેશમાં રાજકીય અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. પક્ષોની સંખ્યા પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે. જો કે બીજી બાજુ કોંગ્રેસે ખાતરી આપી છે કે સરકાર પાંચ વર્ષની અવધી પૂરી કરશે. કોંગ્રેસના પ્રવક્તા સંદીપ દિક્ષીતે કહ્યું છે કે તેમની સરકાર અવધી પૂરી કરશે. મુલાયમસિંહ તેમનોપોતાનો મત ધરાવે છે. ચૂંટણી અંગે વડાપ્રધાન પણ કહી ચૂક્યા છે કે વહેલી તકે કોઈ શક્યતા નથી. કોંગ્રેસના નેતા રશિદ અલવીએ કહ્યું છે કે સરકાર બિલકુલ સ્થિર છે અને ચૂંટણી સમયસર યોજાશે. જુદા જુદા રાજકીય પક્ષોના નિવેદનો હવે ચૂંટણીના સંબંધમાં આવી રહ્યા છે.

કોંગ્રેસ સાથે સમાજવાદી પાર્ટીના સંબંધો હવે ખરાબ થઈ રહ્યા છે. ટૂંકમાં જ સંબંધો તૂટી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસ મોટાભાગે હાલ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ઉપર આધારિત છે.

મનમોહન સિંહે વડાપ્રધાન તરીકે ત્રીજી ઇનિંગ્સ રમવા સ્પષ્ટ સંકેત આપ્યો

નવી દિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન મનમોહનસિંહ વડાપ્રધાન તરીકે ત્રીજી ઈનિંગ્સ રમવા માટે તૈયાર હોવાનું સંકેત આપી દઈને કોંગ્રેસમાં પણ ઉત્સુકતા વધારી દીધી છે. મનમોહનસિંહે ડરબનથી પરત ફરતી વેળા ખાસ વિમાનમાં પત્રકારો સાથેની વાતચીતમાં અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. સિંહે એમ પણ કહ્યું હતું કે વહેલી તકે ચૂંટણીની કોઈપણ શક્યતા નથી. તેમની સરકાર પાંચ વર્ષની અવધી પરિપૂર્ણ કરશે. સિંહે લોકસભાની

ચૂંટણી અને અન્ય વિવિધ રાજકીય મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીને વડાપ્રધાન બનાવવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે વડાપ્રધાન સિંહે ત્રીજી અવધિ માટે વડાપ્રધાન તરીકે તૈયાર હોવાનો સંકેત આપીને નવો ઉત્સુકતા વધારી દીધી છે. સિંહે એવો સંકેત પણ આપ્યો હતો કે સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ ટેકો પાછો ખેંચી શકે છે. ડરબનમાં યોજાયેલા બ્રિક્સ કાર્યક્રમથી પરત ફરતી વેળા ખાસ વિમાનમાં સિંહેને ઘણા પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને પક્ષ ત્રીજી વખત તેમને વડાપ્રધાન બનવા કહેશે તો તેઓ સ્વીકાર કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા સિંહે કહ્યું હતું કે આ કાલ્પનીક પ્રશ્ન છે. ચૂંટણી બાદ પહેલા આ સિદ્ધિ ઉપર પહોંચવાની વાત મહત્વપૂર્ણ છે. સિંહે ત્રીજી વખત વડાપ્રધાન બનવાની શક્યતા નકારી નથી. આ ઉપરાંત રાજકીય પંડિતોને તર્કવિતર્કો કરવાનો પણ સંકેત આપી દીધો છે. દુનિયામાં કોઈ નેતાઓએ ૮૦ વર્ષની વય પૂરી કરી દીધા બાદ આવી સિદ્ધિ મેળવી નથી. આટલી ઉર્જા અને ઇચ્છા શક્તિ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા સિંહે કહ્યું હતું કે તેઓ બિલકુલ ઇમાનદારીપૂર્વક અને ઇચ્છા શક્તિ સાથે દેશની સેવા કરી રહ્યા છે. ગઠબંધનના આંચકાઓ ખાઈ રહેલી યુપીએ સરકારની સ્થિરતા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે સરકાર તેની અવધી પૂરી કરશે. રાજકીય મજબૂરીઓ ઘણી બધી રહેલી છે.

કેજરીવાલની ભૂખ હડતાળ સાતમાં દિવસમાં પ્રવેશી છે

નવી દિલ્હી, તા. ૨૯

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની અચોક્કસ મુદતની ભૂખ હડતાળ આજે સાતમાં દિવસમાં પ્રવેશી ગઈ હતી. તેમની હાલ હવે વધુ વણસી ગઈ છે. દિલ્હીમાં વીજળી અને પાણીના બિલના વધારા સામેના વિરોધમાં કેજરીવાલ ભૂખ હડતાળ ઉપર ઉતરેલા છે. ભૂખ હડતાળથી કાર્યકરમાંથી રાજકારણી બનેલા કેજરીવાલની હાલત ચિંતાજનક બનેલી છે. ગુરુવારે આમ

આદમી પાર્ટીએ એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે તેમની તબિયત વધારે લથડી ગઈ છે. તેમના બ્લડ પ્રેશરની સ્થિતિ ૧૧૪/૭૦ છે. જ્યારે પલ્સ ૭૪ અને સુગર ૧૦૮ છે. તેમનું વજન પ્રથમ દિવસે ૬૫ કિલો હતુ જે હવે ૫૯.૫ કિલોગ્રામ થયું છે. મેડીકલ ટીમે નિવેદન જારી કરીને કહ્યું છે કે વધારવામાં આવેલા વિજળી અને પાણીના બિલ નહીં ચૂકવવાની ખાતરી આપીને વિરોધ પક્ષો ઉપર ૮૨૭૨૬ લોકો હસ્તાક્ષર કરી ચૂક્યા છે. આની સાથે જ આંકડો ૨.૬૯ લાખ સુધી પહોંચી ગયો છે. આ પત્રો હવે દિલ્હીમાં મુખ્યમંત્રી શીલા દિક્ષીતને સોંપવામાં આવનાર છે. આવનાર દિવસોમાં હાલત વધુ કફોડી બને તેવી શક્યતા દેખાઈ રહી છે.

મુંબઈમાં ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ

મુંબઈ, તા. ૨૯

મુંબઈના સાકીનાકા વિસ્તારમાં આવેલા ઓદ્યોગિક એકમમાં થયેલા પ્રચંડ બ્લાસ્ટ બાદ વિનાશકારી આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા પાંચ લોકો બળીને ભડથુ થઈ ગયા છે અને અન્ય ત્રણ લોકો ઘાયલ થઈ ગયા છે. બ્લાસ્ટ થયા બાદ આગ ફાટી નીકળી હતી અને બ્લાસ્ટ થયા બાદ દિવાલ ધારાશાયી થઈ ગઈ હતી. બ્લાસ્ટ થયા બાદ એટીએસ અને ફોરેસીંક નિષ્ણાંતોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પરંતુ કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

એલ્યુમ્યુનિયમ ફેક્ટરીમાં બ્લાસ્ટ થયા બાદ દિવાલ ધારાશાયી થઈ હતી. કામચલાઉ પેઈન્ટ ફેક્ટરીમાં આ બ્લાસ્ટ થયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સિલિન્ડર બ્લાસ્ટ થયો છે. ઘાયલ

થયેલા ત્રણ લોકો પૈકી ત્રણેની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ફાયર બ્રિગેડના સૂત્રોએ કહ્યું છે કે અંધેરીમાં આવેલા આ ઓદ્યોગિક એકમમાં રાત્રે બે વાગે વિસ્ફોટ થયા બાદ આગ ફાટી નીકળી હતી. અધિકારીઓએ એમ પણ કહ્યું છે કે ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ અને ત્રણ એમ્બુલન્સ ઘટના સ્થળે તરત જ પહોંચી ગઈ હતી. ઘાયલ થયેલા આઠ લોકોને નજીકની રાજાવાડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. આગ ફાટી નીકળવા માટેનું કારણ જાણી શકાયું નથી પરંતુ સિલિન્ડ વિસ્ફોટકના કારણે ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. આસપાસના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. કેટલીક નવી વિગત મળે તેમ પણ માનવામાં આવે છે. એટીએસ અને ફોરેન્સીક ટુકડી પોતાની રીતે પુરાવા એકત્રિત કરી રહી છે. બ્લાસ્ટ બાદ લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

દેશમાં વાઘની વસ્તી વધીને ૧,૪૬૮ ઉપર પહોંચી ગઈ

ઋષિકેશ, તા. ૨૯

દેશમાં વાઘની વસ્તી ૧૯૭૩માં ૨૬૮ હતી જે વધીને હવે ૧૪૬૮ ઉપર પહોંચી છે. સરકારને વાઘની વસ્તી વધારવામાં મહત્વપૂર્ણ સફળતા હાથ લાગી છે. દેશમાં વાઘ બચાવો અભિયાનના પ્રયાસ રૂપે ૪૦ વર્ષમાં ઉલ્લેખનીય સફળતા હાથ લાગી છે. તીવ્ર પ્રયાસો કરવામાં આવ્યા બાદ હવે ખૂબ જ અસામાન્ય ગણાતા વાઘની વસ્તીમાં વધારો થયો છે. સત્તાવાર અંદાજને ટાંકીને કોર્બેટ ટાઈગર રિઝર્વના ડિરેક્ટર રંજન મિશ્રાએ માહિતી આપતા કહ્યું છે કે

વર્ષ ૧૯૭૩માં જ્યારે કોર્બેટના ધીકાલા રેન્જમાંથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો ત્યારે વાઘની વસ્તી દેશમાં માત્ર ૨૬૮ હતી જે વધીને હવે ૧૪૬૮ ઉપર પહોંચી છે. વાઘની વસ્તી વધારવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા. છેલ્લા ૪૦ વર્ષમાં તમામ સંબંધિત અધિકારીઓએ બનતા તમામ પ્રયાસો કર્યા હતા. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ વાઘની વસ્તી સાથે સંબંધિત પ્રક્રિયા હાથ ધરવા સંકેત આપ્યો હતો જેનો સીધો ફાયદો હવે થયો છે. દેશમાં વાઘના જતનના પ્રયાસોના ચાર દશક પૂર્ણ થયા બાદ ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા ૧લી એપ્રિલના દિવસે સીટીઆરના ધીકાલા રેન્જમાં આ વિષય ઉપર પેનલ ચર્ચાનું ઉદ્‌ઘાટન કરશે. ૧લી એપ્રિલ ૧૯૭૩ના દિવસે તત્કાલીન કેન્દ્રીય પ્રધાન કરણસિંહે ભારતના પ્રથમ ટાઈગર પ્રોજેક્ટની શરૂઆત કરાવી હતી. હાલમાં દેશભરમાં ૨૭ વાઘના અભ્યારણો આવેલા છે જે ૩૭૭૬૧ સ્કેવર કિલોમીટર વિસ્તારમાં છે અને આ વિસ્તાર દેશના કુલ ભોગોલિક વિસ્તાર પૈકી ૧.૧૪ ટકાની આસપાસ છે. દેશના પ્રથમ ટાઈગર પ્રોજેક્ટના ડિરેક્ટર વિરબહાદુર સિંહે પણ વાઘની સંખ્યા વધવા બદલ આને માટે ઈન્દિરા ગાંધીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે તેમના પ્રયાસોના લીધે રાષ્ટ્રીય પ્રાણીઓના જતનમાં સફળતા હાથ લાગી છે.

ચીન : હાલ દુકાળથી ૨.૪ કરોડ લોકોને માઠી અસર

બેજિંગ, તા. ૨૯

ચીનના અનેક રાજ્યોમાં દુષ્કાળના કારણે ૨.૪ કરોડ લોકો પ્રભાવિત થયાં છે. દુષ્કાળના કારણે જંગી નાણાકીય નુકશાન થઈ ચુક્યું છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે. ચીનના જે વિસ્તારોમાં હાલ દુષ્કાળની સ્થિતિ છે તેમાં યુનાન, ગનસૂ અને સિચુઆનનો સમાવેશ થાય છે. આ તમામ વિસ્તારમાં ૨.૩૭ કરોડ લોકોને માઠી અસર થઈ છે.

દુષ્કાળના કારણે પ્રાથમિક રીતે ૧.૧ અબજ ડોલરનું નુકશાન થઈ ચુક્યું છે. ધ નેશનલ ડિઝાસ્ટર રિડક્શન કમિશન અને નાગરિક મામલાઓના અધિકારિઓએ વિગત આપતાં કહ્યું છે કે, દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગિરી હાથ ધરવામાં આવી છે. રાહત અને બચાવ કામગિરી હેઠળ તમામ પ્રકારની મદદ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. બચાવ અને રાહત ટુકડી પણ મોકલવામાં આવી છે.

થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સમાં ૨૦ ટકાનો વધારો અમલી બનશે

નવી દિલ્હી, તા. ૨૯

થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સમાં ૨૦ ટકા સુધીનો વધારો ૧લી એપ્રિલથી થશે. તમામ પ્રકારના મોટાભાગના વાહનોના થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ કવર માટે પ્રીમિયમ ૧લી એપ્રિલથી વધી શકે છે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી આઈઆરડીએ દ્વારા વધારાના સંબંધમાં જાહેરનામુ જારી કરી દીધુ છે જે મુસદામાં દર્શાવવામાં આવેલા ફેરફાર કરતા ઓછો વધારો છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટીએ કહ્યું છે કે એક્સપોઝર મુસદા મુજબ જુદા જુદા પેટા વર્ગમાં પ્રીમિયમના ચાર્જમાં ફેરફારની સ્થિતિ હતી. ઓથોરિટીએ રેટમાં વધારાની માઠી અસરને ધ્યાનમાં લઈને તેમાં ફેરફાર કર્યા હતા. એમ પણ માનવામાં આવે છે કે પ્રાઈવેટ કાર, પબ્લિક કેરિયર્સના ચીજવસ્તુઓ લઈ જતા વાહનો, ફોરવ્હીલર્સ જે છ લોકોથી વધુને લઈ જાય છે તેવા વાહનો, જ્યારે ૧૭ યાત્રીઓથી વધુને લઈ જતા થ્રીવ્હીલર્સના કેસમાં થર્ડ પાર્ટી પ્રીમિયમમાં સૌથી વધુ વધારો ૨૦ ટકાનો થયો છે. મુસદા જાહેરનામામાં પ્રાઈવેટ કાર માટે સૂચિત વધારો ૩૯ ટકાની આસપાસ હતો પરંતુ આ સંબંધમાં હજુ કોઈ નિર્ણય કરાયો નથી.

થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ (ટુ વ્હીલર્સ માટે ૧૮.૩ ટકા) સુધી વધશે. વાહનોની માત્ર ત્રણ કેટેગરીમાં વધારો અમલી બનશે નહીં જેમાં પ્રાઈવેટ કેરિયર્સના ચીજવસ્તુઓ લઈ જતા વાહનો, છ યાત્રીઓથી ઓછા યાત્રીઓને લઈ જતા થ્રી વ્હીલર્સ અને ૧૭થી ઓછા યાત્રીઓને લઈ જતા વિક્રમ ઉપર આ વધારો લાગુ પડશે નહીં. થર્ડ પાર્ટી પ્રીમિયમમાં ૧લી એપ્રિલથી વધારો થવાની શક્યતા છે. ટ્રેલર માટે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સમાં ૧૦ ટકાનો વધારો રહેશે.

સ્થાનિક વિમાની ટિકિટ વધુ મોંઘી બનવા સંકેત

મુંબઈ, તા. ૨૯

એર ઈન્ડિયા અનેખાનગી કંપની જેટ એરવેઝે વિમાનની ટિકિટ ઉપર ફ્યુઅલ સરચાર્જમાં રૂપિયા ૧૫૦ સુધીનો વધારો ઝીંકી દીધો છે જેથી સ્થાનિક વિમાની ટિકિટમાં વધારો થાય તેવી શક્યતા છે. જેટ એરવેઝ અને એર ઈન્ડિયાએ તેમના સ્થાનિક નેટવર્ક ઉપર ફ્યુઅલ સરચાર્જમાં રૂપિયા ૧૫૦ સુધીનો વધારો કરી દીધો છે. આ વધારો આ મહિનાના બીજા પખવાડિયાથી અમલી બનાવવામાં આવશે. આનો મતલબ એ થયો કે ભાડામાં વધારો થશે. ૧૦૦૦ કિલોમીટરથી વધુની યાત્રા માટે રૂપિયા ૧૫૦નો વધારો રહેશે જ્યારે ૧૦૦૦ કિલોમીટર સુધીની યાત્રા માટે ૧૦૦ રૂપિયાનો ફ્યુઅલ સરચાર્જ લાગુ પડશે. લો કોસ્ટ કેરિયર ઈન્ડિગોએ આ સંબંધમાં હજુ સુધી કોઈ વાત કરી નથી પરંતુ ગો એર, સ્પાઈસ જેટ પણ ટૂંક સમયમાં તેમના ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરી શકે છે. ઉનાળાની સિઝનની શરૂઆતમાં થોડાક જ દિવસ રહ્યા છે ત્યારે સરચાર્જમાં આ વધારો કરાયો છે આ સ્થિતિમાં ટિકિટના વેચાણને અસર થઈ શકે છે.

સમાચાર ઝલક

- પાકિસ્તાનમાં પરવેઝ મુશર્રફ પર ચપ્પલ ફેંકાયા.
- મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિકાસ માટે વાઇબ્રન્ટ : અમેરિકન પ્રતિનિધિ મંડળ.
- અરવિંદ કેજરીવાલનો અનશનનો સાતમો દિવસ, રવિશંકરની અપીલ અનશન છોડી દેવા.
- સુરતમાં બી.આર.ટી.એસ.નાં રસ્તા માટે ૧૨૦૦ વૃક્ષોનું નિકંદન.
- બ્રાઝિલમાં ૩૦૦ દર્દીઓની હત્યા કરનારી નર્સ પકડાઇ.
- મુંબઇમાં મકાન ધરાશાયી થતાં પાંચ વ્યક્તિઓનાં મોત.
- પાકિસ્તાનમાં પેશાવરમાં બોમ્બ વિસ્ફોટ, અનેક ઘાયલ.
- સાયપ્રસમાં બેંકો બહાર લશ્કર ગોઠવાયું, મર્યાદિત રકમ જ મળી શકશે.
- આઇપીએલ મેચોને વિધાનસભા ચૂંટણી નડશે.
- મુંબઇમાં બે પાડોશીઓએ એક મહિલાને સળગાવી.
- દક્ષિણ આફ્રિકાના નેલ્સન મંડેલાને ફેફસામાં ઇન્ફેકશનથી દવાખાનામાં દાખલ કરાયા.
- ચીનમાં ધુમ્મસથી જીવન વ્યવહારમાં ગંભીર અસર.

રંગીલો મિત્ર (પાના નં. ૪ નું ચાલુ)

'ધન સંપત્તિ મેળવવા કે સ્ત્રીની નબળાઇ જાણી જતાં મિત્રની પત્નીને પોતાની બનાવવા ઘણા સજ્જન દેખાતા લોકો આ સમાજમાં છે.'

બોબ ડો. હેન્ડ્રીએ સારી રીતે ઓળખતો હતો. એના રંગીલા સ્વભાવથી પરિચિત હતો એટલે પેગીની વતા સારી માની.

'થેન્ક્સ બહેન,લો આ તારૂં ઇનામ.' કહેતા ઘરમાંથી ઇનામનું કવર લાવી આપતાં આભાર માની રંગીલા મિત્ર ડો. હેન્ડ્રી પર શંકા દૃઢ બનાતં એનું સરનામું લઇ બોબ સીધો આલ્બર્ટ પહોચ્યો. ડો. હેન્ડ્રી અને એમનાં પત્નીએ જૂના મિત્રને પ્રેમથી આવકાર્યો. ડો. હેન્ડ્રી સાથે એમનાં પત્નીને જોઇ બોબનાં પગ જમીન સાથે જડાઇ ગયા. એક અજાણી અબળા પર વિશ્વાસ મૂકી વર્ષોનાં જિગરી મિત્ર પર શંકા લાવવા માટે છોભીલો પડી કશો ભેદ ખોલ્યા વિના એને ભેટી બોલ્યો, 'હલ્લો, દોસ્ત મજામાં છે ને? માફ કરજે, હું બહુ રોકાઇ શકું એમ નથી. આવ્યો 'તો બેચાર દિવસ રહેવા. પણ મારા ડેડીના એક્સિડન્ટનો ફોન આવતાં માટે વળતી ગાડીએ પાછા ફરવું પડે એમ છે.'

એમ અફસોસ વ્યક્ત કરી બોબ આલ્બર્ટના ફોર્ટ મેકમરી સ્ટેશને પહોંચ્યો. ટિકીટ લઇ સ્ટેશનમાં ગયો તો મોનાને એનાં જૂનાં બોયફ્રેન્ડ સાથે રોમાન્સ કરતી જોતાં એ ચોંકી ઊઠ્યો : 'આ જ એલઝાઇમની અસરવાળી મોના હતી?'

એ સવાલનો જવાબ મેળવવાની ગડમથલમાં પડ્યા વિના મોના બહુ ખુશમાં હતી. એનો આનંદ થયો... એને ખુશ જોઇ એ મનોમન બબડ્યો. 'સારૂં થયું, એના બોયફ્રેન્ડ સાથે હવે એ ખુશ તો થશે! અને હવે ડેલા માટે મારો માર્ગ પણ મોકળો થશે. ગુડ લક મોના, બી હેપી!'

અને પૂંઠ ફેરવી હરખભેર ડેલાને પોતાના જીવનમાં મેળવવા એનાં ઘરે જવા નીકળી પડ્યો.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

મૂળજી : આપશ્રીએ અત્યાર સુધીમાં ક્યાં ક્યાં સાહિત્ય પ્રકારોમાં સર્જન કર્યું છે?

શ્રી હરિકૃષ્ણ : લગભગ બધા જ. જેવા કે કવિતા, ટૂંકી વાર્તા, બાળવાર્તા, બાલકાવ્યો, કિશોરકથા, નિબંધ, વિવેચન અને એક-બે એકાંકી નાટકો લખ્યાં છે. પ્રવાસકથા પણ લખી છે. લલિત, નિબંધ, ચિત્ર, હાસ્ય વિગેરેમાં પણ ખેડાણ કર્યું છે.

મૂળજી : આપને જે શ્રી ઘનજી કાનજી ગાંધી ચંદ્રક મળેલ છે, તેમાં આપના મતે શ્રેષ્ઠ સર્જન કયુ?

શ્રી હરિકૃષ્ણ : મુખ્ય કામ કવિ તરીકેનું, છ કાવ્ય સંગ્રહો જેમાં હાસ્ય અને કટાક્ષના ત્રણ સંગ્રહો-અડવા પરીસી, રાઇનાં ફૂલ અને સાક્ષર બોતેરી.

મૂળજી : આપને અગાઉ બીજા ક્યા ક્યા એવોર્ડ કે પારિતોષિક મળેલ છે અને તે ક્યાં સર્જન માટે મળેલ છે?

શ્રી હરિકૃષ્ણ :

૧૯૬૬માં કાવ્યલેખન આરંભાયું અને વર્ષભરના શ્રેષ્ઠ કાવ્યસર્જન માટે સન ૧૯૬૭નો "કુમાર ચંદ્રક મળ્યો."

- સૂરજ કદાય ઊગે (કાવ્ય સંગ્રહ) : ગુજરાત સરકાર/સાહિત્ય અકાદમી એવોર્ડ
- ગુલાબી આરની લગ્ગી (કિશોરકથા) : ગુજરાત સરકાર/સાહિત્ય અકાદમી એવોર્ડ
- કોઇનું કંઇ ખોવાય છે (બાળકાવ્યો) : ગુજરાત સરકાર/સાહિત્ય અકાદમી એવોર્ડ
- દોસ્તારીની વાતો (બાળકો સાથે ગોષ્ઠી) : ગુજરાત સરકાર/સાહિત્ય અકાદમી એવોર્ડ
- ગલીને નાકેથી (વિવેચન) : ગુજરાત સરકાર/સાહિત્ય અકાદમી એવોર્ડ
- નર્મદ ચંદ્રક (૧૯૯૩-૯૭ વર્ષનાં) : શ્રેષ્ઠ કાવ્ય સંગ્રહ માટે
- જયંત પાઠક (કવિતા પુરસ્કાર) : ૧૯૯૫, 'જળનાં પડઘા' માટે
- ગુ.સા. સભા તરફથી અપાતો ઘનજી કાનજી ગાંધીચંદ્રક (૨૦૧૦)
- ક્રિટિક્સ એવોર્ડ-૧૯૮૪ છાંદસ કાવ્ય 'ટાપુ' માટે
- ચંદ્રશેખર ઠક્કર પારિતોષિક 'કવિલોક'માં પ્રકાશિત કાવ્યો, 'વડ, લીમડાને આમલી' (૧૯૭૨) અને 'મારે તો' (૧૯૭૭) માટે.
- વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા કવિશ્રી દલપતરામ એવોર્ડ રૂા. ૨૫,૦૦૦/-

(ક્રમશઃ)

ધૂપસળી ધુણાવે આકાશ (પાના નં. ૪ નું ચાલુ)

આખરે લૂંટાય છે તા આપણાં જેવા જ ને! પાઇ - પાઇ કરી પૈસો ભેગો કરવાનો. પછી મંદિરોમાં ધરવાનો. આપણું છે ને આપણે લઇએ છીએ. 'રામજીકી ચીડિયા રામજી કા ખેત' આપણે ઉપરવાળાના સંતાનો છીએ, ને એનું લઇએ છીએ એમાં ખોટું છું છે...? સાવ સીધી વાત. 'મહાચોર તો માખણ ચોરે, છાસની ના હોય સજા.'

થોડુંક ચોરી લેવાની મજા..'

(ગિરા પીનાકીન ભટ્ટ)

મિત્રો, વિવિધ યુક્તિઓ શોધતા રહો, અજમાવતો રહો, સફળતા આપણા પક્ષે જ છે. આપણા હાથ ઘણા લાંબા છે... પોલીસથી માંડી છેક ઉપર બેઠેલા સુધી. આપણને કોઇ પકડે એમ નથી. અને પકડશે તો પણ છોડી દેશે. ને નહીં છોડે તો જેલમાંય ખાવાપીવાનું ને અધધ... સગવડો આપણા માટે છે જ. હવે તો સુરંગ ખોદવી ય સહેલી છે. બહારનું નેટવર્ક મજબૂત છે. આખરે આપણે મિલનસાર છીએ જ. તેન વધુ પુરાવો આનાથી બીજો શું આપું...?

તા.ક. : સત્યના પંથે ચાલેલા સાબરમતીના સંતની શી હાલત હશે અટાણે સ્વર્ગમાં?? .. સાબરમતી જેલમાં સુરંગના સમાચાર સાંભળ્યા પછી..??